સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

જીએસટી ના માયાવી જાદુ બતાવે ચૂંટણી !
આકાશી વચનોની વર્ષા વરસાવે ચૂંટણી !
ઢંઢેરાનું ચિરાગ ઘસે છે આ અલાઉદ્દીનો
જાદુઈ શેતરંજી એ સૌને ઉડાવે ચૂંટણી !

હાઈકુ

આ જાદુગરો,
જાદુઈ લાકડીથી -
બનાવે મુર્ધા!

માણે છે પ્રજા
મિઠાઈનો આસ્વાદ,
ખાય કોલસા...

(હિપ્નોટાઈઝ્ડ પ્રજા, શબ્દોની માયાજાળમાં)

ચિંતન

ચિરેણ મિત્ર સંધીયાશ્ચિરેણ ન કૃતં ત્યજેત્ ।
ચિરેણ વિહિત મિત્ર ચિરં ચારણમર્હતિ ॥

ઉપરોક્ત શ્લોક સુભાષિત રત્નગાંડાગારમાંથી લેવામાં આવેલ છે.

લાંબો કાળ વિચાર્યા પછી મિત્ર સાથે સંબંધ જોડવો અને સંબંધ બાંધ્યા પછી લાંબો કાળ વિચાર કરીને પણ મિત્રનો સંબંધ તોડવો નહીં, કારણ કે લાંબો કાળ કાળ વિચાર કર્યા પછી કરેલો મિત્ર તેની મૈત્રીનો ઈન્કાર પણ લાંબો કાળ વિચાર કર્યા પછી કરવામાં આવે તે માટે યોગ્ય હોય છે.

જીવનમાં દાંપત્ય હોય કે મૈત્રી સંબંધ શેઠ-નોકરનો હોય સામાજિક કોઈ પણ સંબંધો ગાઢ બનાવવા પહેલાં તે બાબતે ખૂબ વિચાર કરી પૂર્વા પર પરિણામોનો અંદાજ કરીને પછી જ સંબંધ બાંધવો બાંધ્યા પછી ટકાવવા માટે પણ ખૂબ વિચાર કરવો. તોડવાના પરિણામો પણ ઊંડાણપૂર્વક વિચાર કરવો.

સુવિચાર

- મિટનેવાલોં કો વફા કા (કર્તવ્યપાલન) સબક યાદ કરે,
  બેડિયાં પૈર મેં હો, ઔર દિલ આઝાદ રહે - **શાયર ચકબસ્ત**
- 'અનડીસાઈડેડ' (અનિર્ણિત) વિચારો, એનું નામ મન, 'ડિસાઈડેડ' (નિર્ણિત) વિચારો,
  એનું નામ બુદ્ધિ - **આમસૂત્ર**
- જયાં કરવાપણું છે ત્યાં ધર્મ ઉત્પન્ન થાય ને જયાં સમજવાપણું છે ત્યાં મોક્ષ ઉત્પન્ન થાય - **એસ. ભટ્ટાચાર્ય**
- પોતાની ભૂલ 'પોતાને' દેખાય એનું નામ સમક્તિ - **આચાર્ય રત્નસુંદર વિજયજી**
- નડવા કરતાંય આપણે જયારે ઝુકી જ જઈએ છીએ ત્યારે આપણે
  વિવેકની વધુ નિકટ હોઈએ છીએ - **વર્ડઝવર્થ**
- નકારાત્મક શબ્દોને બોલ્યા વિના પચાવી જવાથી કોઈનું પણ પેટ નથી બગડ્યું- **ચર્ચિલ**
- આજનું ઔષધ : ચણા ભાર ફટકડી પાણીમાં ઓગાળી પીવાથી દારૂનો નશો ઉતરે છે

(સંકલન : દિપક વી. આશર)

બોધકથા

ભક્ત રવિદાસ પગરખા સીવીને ગુજરાત ચલાવતા. તેમાંથી જે આવક થાય તે ગરીબોને સંતોને દાનમાં આપી દેત! એકવાર એમને એક સંત દુકાને મળ્યા... એમણે કહ્યું, 'ભગત, હું તમને આ પારસમણિ આપું છું જે તમે કોઈ ધાતુને અડાડશો તો એ સોનું બની જશે. આ મજૂરી અને ગરીબીમાંથી તમને મુક્તિ મળશે.'

રવિદાસે પારસમણિ લઈને લાકડાની પેટીમાં મુકી દીધો. થોડાક દિવસ પછી પેલા સંત ભક્ત રવિદાસને મળવા આવ્યા. ભક્ત તો ભગવાનના ભજન ગાતાં ગાતાં પગરખાં સીવતા હતા. સાધુને તો એવું હતું કે ભક્ત રવિદાસ ભવ્ય મકાનમાં રહેતા હશે. પણ ભક્ત રવિદાસ તો એવા જ ગરીબ રહ્યા. એટલે સાધુએ આશ્ચર્ય ચક્તિ થઈને પૂછ્યું, 'પેલા પથ્થરનું શું થયું ?'તમે એનો કંઈ ઉપયોગ કર્યો કે નહીં.

ભક્ત રવિદાસે કહ્યું, 'તમારો પથ્થર ઘરે લાકડાની પેટીમાં મેં મૂક્યો છે. હમણાં લઈને આપને પાછો આપું છું. જે પાછો લઈ જાઓ. મને ધનનો કોઈ લોભ નથી.' પરિશ્રમ વિનાના ધન ની હું કઈ ઈચ્છા રાખતો નથી. પછી એ મેળવવાની વાત કયાં રહી ? પરિવાર માટે સુખનો આધાર એ મારા પરિશ્રમથી મેળવેલો સૂકો રોટલો જ છે. છપ્પન ભોગ મને નથી જોઈતો.સંત પણ ભક્ત રવિદાસની સાદાઈ ને વંદી રહ્યા.

નર્યા જ્ઞાતિવાદથી ખરડાઈ રહેલી લોકશાહી

તંત્રીસ્થાનેથી...

જ્ઞાતિ એ ભારતીય સમાજ વ્યવસ્થાનો અનિવાર્ય ભાગ છે. આપણા બધા જ ધર્મ-સંપ્રદાયોમાં જ્ઞાતિ અને પેટા જ્ઞાતિનું આગવું સ્થાન છે. રાજકારણ આખરે તો સ્થાપિત સમાજ વ્યવસ્થાને જ અનુસરે છે. આ જ્ઞાતિવાદ શિક્ષણના વ્યાપ સાથે નબળો પડવો જોઈતો હતો પણ શિક્ષણને કારણે વિવિધ જ્ઞાતિઓ પોતાના અધિકારો પ્રત્યે વધુ ને વધુ સભાન બનતાં ઊલટાનો જ્ઞાતિવાદ વિશેષ મજબૂત થતો જાય છે. દાખલા તરીકે હરિયાણામાં જાટ, ઉત્તર પ્રદેશ અને બિહારમાં યાદવ અને ગુજરાતમાં પાટીદાર કે ક્ષત્રિય સમાજ આઝાદી પછી વધુ ને વધુ જાગ્રત બન્યા છે. દક્ષિણ ભારતમાં પણ આવી જ દશા પ્રવર્તી રહી છે. આ જ્ઞાતિવાદના પ્રતાપે સરદાર પટેલ જેવા મહાન રાષ્ટ્રીય નેતાનાં સાધ્વી જેવા સુપુત્રીને ચૂંટાવા માટે ચરોતર ચોડીને મહેસાણા કે સાબરકાંઠાનો આશરો શોધવો પડ્યો હતો. ઍચ.એમ. પટેલ માટે આનંદની કે નડિયાદ - ખેડાની બેઠક સલામત નહોતી, એમને પણ સાબરકાંઠામાં જઈને ચૂંટાવું પડ્યું હતું. ઈશ્વરભાઈ ખોડાભાઈ ચાવડાએ એમના બારૈયા - પાટણવાડિયા અને ઠાકોર ક્ષત્રિયોમાં જ્ઞાતિવાદની અસ્મિતા જગાડી હતી એથી ચરોતરના ખમતીધર પાટીદારો માટે રાજકારણમાં વજૂદ ટકાવવાનું અઘરું બની ગયું હતું. વર્તમાન વિધાનસભાની ચૂંટણીમાં જાહેર થયેલી ઉમેદવારોની યાદી જોતાં જ્ઞાતિવાદનો ભોરિંગ જ ફૂંફાડા મારતો વરતાશે. બેઉ મુખ્ય પાર્ટીઓએ માત્ર અને માત્ર જીતી શકે એવા ઉમેદવારોની જ શોધ ચલાવી અને મોડે મોડે પોતાના જૂના સાથીઓ કે કાર્યકરો નારાજ ન થાય એ માટે ચૂપચાપ જ્ઞાતિવાદી ધોરણો અનુસરા જ મેન્ડેટ પકડાવી દીધા. આથી ઘણા મતવિસ્તારોમાં અધિકૃત ઉમેદવારો સામે ભારે રોષ ભભૂકી ઊઠ્યો છે. ત્યાં સુધી કે નારાજ કાર્યકરો પોતાના જ પક્ષને ગાળો ભાંડી રહ્યા છે. સવિશેષ કોંગ્રેસમાં આવી ઘટનાઓ ઠેર-ઠેર બની રહી છે. ભાજપના ત્રેવીસ વર્ષના સુદીર્ઘ શાસન સામે કોંગ્રેસના ઝંડાધારી તરીકેની છાપ સાથે અડગ રહેલા કાર્યકર્તાઓને પોતાની પસંદગીના ઉમેદવારને બદલે હમણાં થોડા સમય પહેલાં જ કોંગ્રેસમાં સામેલ થયેલ અલ્પેશ ઠાકોરની ક્ષત્રિય સેનાના કાર્યકરને ખભે ઊંચકી ફરવાનું ન જ ગમે તે સમજી શકાય એવું છે. ઉત્તર ગુજરાતમાં કોંગ્રેસ જાહેર કરેલ ઉમેદવારો વિરુદ્ધ આવો પ્રચંડ વિરોધવંટોળ અનેક બેઠકો પર જોવા મળે છે. એવો જ વિરોધ શાસક પાર્ટીના કેટલાક ઉમેદવારો સામે પણ થયો છે, પણ એનો ઉકેલ આણવા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ પલાંઠી વાળીને ગુજરાતમાં બેસી ગયા છે. વળી વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો પ્રભાવ અગાઉ જેટલો જ રહ્યો હોય તો પણ સાવ જ ઓસરી ગયો નથી તે પણ સ્વીકારવું જ રહ્યું. રાહુલ ગાંધીની જાહેર સભાઓ અને પાર્ટીના વરિષ્ઠ નેતાઓના પ્રામાણિક પુરુષાર્થ થકી સુષુપ્તાવસ્થામાં ઘોરતી કોંગ્રેસ ચેતનવંતી જરૂર બની છે, એને આંદોલનકારી યુવા ત્રિપુટીના સહયોગથી બળ પણ મળ્યું છે, પરંતુ જ્ઞાતિવાદી ધોરણો પર જ ટિકિટ વહેંચણીમાં પણ 'પેરેશૂટ' ઉમેદવારો ઉતારવાથી પાર્ટીની મૂળ રેન્ક એન્ડ ફાઈલમાં અસંતોષ ઊભો થઈ રહ્યો છે. શક્ય છે કે ચૂંટણીની મતદાનતિથિ આવતાં સુધીમાં આ ધૂંધવાટ શમી જાય. પરંતુ રાહુલ ગાંધીએ જમાવેલ સાનુકૂળ હવામાનમાં આ પ્રદૂષણ જોખમી બની શકે છે. જ્ઞાતિવાદને પોષીને સરવાળે તો લોકશાહીને લૂણો લગાડવાનું જ કામ કર્યું છે.

વિચારોને કેળવવા એ પણ એક પ્રકારની કળા છે

અદબ-પલાંઠી મોં પર આંગળી

ડો. સંતોષ દેવકર

પ્રામાણિક અને મહેનતુ લોકોનું ગામ હોય ?

'આ ગામના લોકો કેવા છે ?'

'પહેલાં એ જણાવો કે તમે જે ગામથી આવો છો તે ગામના લોકો કેવા છે ?'

'અરે.... વાત જવા દો.'

'કેમ શું થયું ?'

'મારા ગામના લોકો તો લુચ્ચા, જુઠ્ઠા ને બીજાને પીડા આપનારા છે.'

'એમ ?'

'હા.... ગામમાં સારો માણસ શોધવો મુશ્કેલ છે. મને જણાવશો કે આ ગામના લોકો કેવા છે ?'

'ઓહ... સોરી હં... મને કહેતાં દુઃખ થાય છે. આ ગામના લોકો પણ એવા જ છે.'

વટેમાર્ગુ હતો. પોતાના ગામથી ઉબાઈ ગયેલો. લોકોથી હેરાન થયેલો. લોકો દુષ્ટ હતા. કપટી હતા. અપ્રમાણિક હતા. પોતે પ્રમાણિક લોકોની શોધમાં નીકળેલો. સત્યપ્રિય અને મહેનતુ લોકોનું ગામ શોધવા નિકળ્યો હતો. પણ નિરાશા મળી. આ જ ગામમાં બીજો એક વટેમાર્ગુ આવે છે. લગભગ એજ પ્રકારના સવાલો કરે છે.

'આ ગામના લોકો કેવા છે ?'

સત્પુરુષે સામો સવાલ કર્યો કે 'તમે જે ગામથી આવો છો તે ગામના લોકો કેવા છે ?'

'મારા ગામના લોકો ખૂબ જ માયાળુ અને પરોપકારી છે. તેઓ પ્રમાણિક અને સત્યને ચાહનારા છે. ગામના બધાજ લોકો પ્રેમથી સંપીને રહે છે.' વટેમાર્ગુ બોલ્યો.

સત્પુરુષે કહયું, 'અરે વાહ!..... વાહ !!..... આ ગામના લોકો પણ તમારા ગામના લોકો જેવા જ પ્રમાણિક, સત્યપ્રિય અને પરિશ્રમી છે.'

એક જ ગામ માટે બે અભિપ્રાયો કેવી રીતે હોઈ શકે ? ગામના લોકો સજ્જન છે અથવા તો દુર્જન છે. બેમાંથી એક સાચું હોઈ શકે. બન્ને અભિપ્રાય સાચા હોઈ શકે ? હા... જરૂર એવું બની શકે.

'જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ' મનમાં જેવા વિચારો ચાલતા હોય અને જે દૃષ્ટિકોણથી જોતા હોઈએ તેવાં જ માણસો આવી મળતાં હોય છે. કોઈપણ વ્યકિત સારી કે ખરાબ હોઈ ન શકે. ના સાચો કે જુઠ્ઠો હોઈ શકે !

આપણા અંદર ચાલી રહેલા વિચારયજ્ઞના પ્રકાર ઉપર સામેના સમૂહની ગુણવત્તા અવલંબિત હોય છે.જે મળે તે બધા મિત્રો અને સજ્જનો જ લાગે તો સમજજો કે તમારા હૃદયમાં સદ્વિચાર અને મિત્રતાનો દીપ જલી રહયો છે.

મનમાં જો કાવા દાવા ને છળકપટ ચાલતા હશે તો સામે મળતી પ્રત્યેક વ્યકિત દુર્જન અને કપટી જ લાગશે એમાં શંકા નથી. ગામ એક જ હતું. વટેમાર્ગુ બે હતા. વિચારવાનો દૃષ્ટિકોણ બન્નેના જુદાં જુદાં હતા. બન્નેના વિચારો ભિન્ન હતા. મનમાં જેનું સતત ચિંતન ચાલતુ હોય તેવી વ્યકિત સામે આવીને ઊભી રહે છે અને તેથી જ કદાચ ભજન-કિર્તન-સત્સંગની માનવજીવનમાં અગત્યતા હશે !

સારાં પુસ્તકો અને સદ્પુરુષોનો સંગ મદદરૂપ થતો હોય છે. વિચારોને કેળવવા એ પણ એક પ્રકારની કળા છે.

મટુકીમાં દહીં છે.દહીં વેચવા જાય છે પરંતુ મનમાં કૃષ્ણ છે, વિચારમાં કૃષ્ણ છે અને તેથી આચારમાં પણ કૃષ્ણ જ આવી જાય છે. દહીં વેચવા જતી ગોપી કૃષ્ણમય હોવાથી જુદા જ શબ્દો ઉચ્ચારે છે. મટકીમાં દહીં છતાં ગોપી કહે છે, 'માધવ... લ્યો.. કોઈ....માધવ... લ્યો.'

મિસરી
''આંખમાં અમી તો
દુનિયા ગમી
જીભમાં અમી તો
દુનિયા નમી. ''

(નિલીમા ડમરે)

- santoshdevkar03@gmail.com

બધા જ શ્વસે એમ છે નગરમાં જાણે કે નગરના વાતાવરણમાં અસર દગાની છે...

વિચારયાત્રા

ડો. જય ઓઝા

એક અગત્યની સૂચના, માણસ ખોવાયો છે, કોઈ શોધી આપોને પ્લીઝ. આ સૃષ્ટિ રસાતાળ થવા બેઠી છે, માણસનો માણસ પરથી વિશ્વાસ ઊઠી ગયો છે. આથી જ પરિવારમાં, ઘરમાં માણસની ગેરહાજરી જોવા મળે છે અને તેમના સ્થાને પાલતું જનાવરોની સંખ્યા વધી છે.

કયાંક વાંચ્યું હતું,

જેમાં જીવન છે પણ ગતિ નથી તે વૃક્ષ છે.

જેમાં જીવન છે અને ગતિ છે, તે પશુ છે.

પણ જેમાં જીવન છે, ગતિ છે અને ગતિની સાચી દિશા - પ્રગતિ છે તે મનુષ્ય છે.

પણ વ્યકિતએ આજે પોતાનું સ્વત્વ જ ગુમાવી દીધું છે. ગતિ છે પણ સાચી દિશા નથી, જેને આપણે પ્રગતિ માનીએ છીએ તે શું ખરેખર પ્રગતિ છે કે છદ્મકાળ છે? સમાજમાં, દુનિયામાં, ચિત્ર-વિચિત્ર, ભાત-ભાતના લોકો માટે પનારા પાડતો વ્યકિત પોતાનું આગવું વ્યકિત ભૂલ્યો છે.

દંભ અને સ્વાર્થના તાણાવાણામાં પોતે જ એવો અટવાયો છે કે હવે બહાર નથી નીકળી શકતો. ચાપલૂસીમાં રત રહેતો વ્યકિત ક્ષણિક સ્વાર્થી માટે કોઈકનું બૂરું કરતા અચકાતો નથી. 'મારે શું, હું તો મારું જોઉં, બીજા જાય તેલ લેવા.'

સમયે - સમયે અને પરિસ્થિતિ પ્રમાણે સિદ્ધાંતો બદલાય છે, કયારેક દંભને ખાતર જોર શોરથી જે પ્રમાણિકતાની વાતો કરતા હોય તે જ વ્યકિત પોતાના સંતાનના માર્કસ વધારવા ટીચરના ઘેર જાય છે.

નબળા માણસને જોઈને જે સિંહ બની ત્રાડ પાડતો હોય છે, તે જ વ્યકિત તેનાથી બળુકા વ્યકિતની જો હુકમી, સામે કરગરે છે. સિંહમાંથી શિયાળ બનતા વાર નથી લાગતી.

જે મૂલ્યો, નીતિ અને સિદ્ધાંતોને ખાતર એક સમયે હો, હા કરી મૂકી હોય, તે મૂલ્યોને કોરે મૂકીને છડેચોક કાળાધંધા કરવામાં વ્યકિત કોઈ નાનપ નથી અનુભવતો.

ગાડી ચલાવતા મિત્ર સાથે મોબાઈલ પર દેશના કરપ્શન વિશે ગંભીર ચર્ચા કરતા વ્યકિતને ટ્રાફિક પોલીસ પકડે ત્યારે ૫૦ રૂા. આપીને ફરી આગળ વધતો, કરપ્શનની ચર્ચા આગળ ચલાવે છે.

ડબલ ઢોલકી મેન્ટાલીટીવાળા આજનો વ્યકિત એક સાથે ખૂબ જ સારો અને ખૂબ જ ખરાબ ચહેરાઓ - મ્હોરાઓ લઈને ફરે છે, પરિસ્થિતિ અને સગવડ પ્રમાણે ચહેરા પરથી મ્હોરા બદલાતા રહે છે.

મૃત્યુ પામતા પહેલા જ મરેલા લોકો પોતાના પ્રેત સાથે જ જીવે છે. પ્રેમ, વફાદારી, ઈમાનદારીની, દુકાનદારી ચલાવે છે. આ બધી ભાવના સાથે તેનો દૂર-દૂર સુધી કોઈ નાતો નથી, પણ હા એક કલાક સુધી વફાદારી પ્રેમ વગેરે દ્વારા ભિન્ન-ભિન્ન અવતરણો ટાંકીને પ્રવચન આપી શકે છે. જેમને પોતાને એમના વચનો પણ શ્રદ્ધા નથી તે પ્રવચન આપવામાં એક્કો હોય છે.

એક મનુષ્યને મળવું છે, એક માણસનું છે જે ભાવના, લાગણી, સંવેદનશીલતા, જેવા વેદિયા લાગતા શબ્દો સમજતો હોય અને તેને જીવતો હોય.

ગણતરી સાથેનો કેલ્કયુલેટીવ પ્રેમ થઈ ગયો છે, પ્રેમથી ભાષા સમજવામાં રસ નથી, પ્રેમનું તો ગણિત ગણાય છે.

એક વસ્તુ જે પોતાની માટે સાચી વાત કે અન્ય વ્યકિત માટે ખોટી બની જાય છે, કારણ કે કયાંક ને કયાંક એમાં તેનો અહં ઘવાયો હોય છે.

અહીં દુશ્મનો અને મિત્રોની વ્યાખ્યા ઝડપથી બદલાઈ રહી છે. એક સમયનો કટ્ટર દુશ્મન કામ પડતા ખાસ મિત્ર બની જાય છે, સ્વાર્થ અને દંભની બોલબાલા સાથે મિત્રતા અને દુશ્મનીની પારાશીશી બદલાય છે.

બે મિનિટ પહેલા જ જે વ્યકિત સાથે લળી-લળીને વાત થતી હોય, તેના ગયા પછીની બીજી જ સેંકડે તેની નિંદા આપણા મુખમાંથી અસ્ખલિત પ્રવાહે વહે રાખે છે સ્પષ્ટ વિચારો રહ્યા નથી આથી સ્પષ્ટ વાણી નીકળતી નથી. યુસુફ બુકવાલાનું એક મુક્તક અત્યારે યાદ આવે છે.

મેં નદી પાસેથી માંગી હતી નિર્મળતા, મળી,
ફુલ પાસેથી મેં ચાહી હતી કોમળતા, મળી,
માત્ર હમદર્દીનો યાચક થયો માનવ પાસે,
શું એ કહેવાની જરૂરત છે કે નિષ્ફળતા મળી!

અને ખબર છે ! આ બધામાં ગભરાવા જેવું શું છે ? ડરવાની વાત એ છે કે હવે આ દંભ, સ્વાર્થ ચાપલૂસી, ડબલ ઢોલકીપણું માણસમાં એટલી હદ સુધી વિસ્તરી ચૂક્યું છે કે તે પોતે પણ સમજી શકતો નથી કે તેનામાં રહેલો સ્વાર્થી આત્મા કયારે શુદ્ધાત્મા પર હાવી થઈ જાય છે. 'સ્પ્લીટ પર્સનાલીટી' ધરાવતો વ્યકિત ખૂબ જ ખતરનાક થઈ ગયો છે.

કયારેક એક વ્યકિત પર પ્રેમ તો વળી એ જ વ્યકિત પ્રત્યે ઈર્ષ્યા, કયારેક વફાદારી કયારેક ગદ્દારી, આ બધું સહજ થઈ ગયું છે. કોઈ ભેદરેખા નથી રહી, બધુ એટલી હદે મિક્સ થઈ ગયું છે કે સ્વયં પરમાત્માને પણ વર્ગીકરણ કરવાનું આવે તો ગોથે ચડે, આ હદ સુધી માણસનું વ્યકિતત્વ પચરંગી બની ગયું છે, અને આથી જ તેને પોતાને જ ખબર નથી હોતી કે કયારેક અસત્ય, દંભ અને સ્વાર્થની ટેરેટરી ચાલુ થાય છે અને કયાં પ્રેમ, સંવેદનશીલતાની ભાવનાઓ પાછળ છૂટી જાય છે.

શીર્ષક પંક્તિઃ રમેશ પારેખ

- jayuoza@gmail.com,
Mo. 9898046488

મસાન મેં વિશ્રામ હૈ, ઈસલિયે મસાન મહાન હૈ

અજવાળું - અજવાળું

તુષાર જોશી

લગન અને એય પાછા સ્મશાનમાં ?

ના હોય...

પણ થયા હતા... ને પૂજ્ય મોરારિબાપુએ હાજર રહી નવદંપતિને આશીર્વાદ પણ આવ્યા હતા.

ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના તલગાજરડા ગામે તારીખ ૨૬ નવેમ્બર ૨૦૧૭ના રોજ ગામના સ્મશાને બેન્ડવાજા સાથે વરરાજાની જાન આવી પહોંચી ત્યારે ઘડીક તો ગ્રામજનો આશ્ચર્યમાં પડ્યા હતા !!! લોકો માટે નવાઈની વાત હતી... સ્મશાને વરઘોડો ??

તલગાજરડા ગામ વિશ્વ પ્રસિદ્ધ રામાયણી કથાકાર પૂજ્ય મોરારિબાપુના જન્મ સ્થાન રુપેવિશ્વભરમાંજાણીતુંછે. આ ગામના વાછડાવીર મંદિરના પુજારીના પુત્ર ઘનશ્યામભાઈએ નક્કી કર્યું કે લગ્ન સ્મશાનમાં કરવા છે. થનાર પત્ની પારૂલબહેને પણ સહમતિ દર્શાવી અને ગામ આખું આ અનોખા લગ્નમાં જોડાયું.

વાકી કે પાર્ટી પ્લોટમાં યોજાતા લગ્નની જેમ જ સ્મશાન પણ ફૂલોથી શણગારવામાં આવ્યું. વરરાજા જાન લઈને આવ્યા ત્યારે બેન્ડવાજા પણ વાગ્યા, ફટાકડા ફૂટ્યા, ડાન્સ પણ કર્યો. જાનૈયાઓએને ફોટા-વીડિયો પણ સરસ મજાના લેવાયા. મોક્ષ ધામમાં જયાં શરીરને અગ્નિદાહ અપાય ત્યાં જ લગ્ન વેદીની જયોત પ્રગટાવવામાં આવી, વર કન્યા ફેરા ફર્યા અને પૂજ્ય મોરારિ બાપુ એ આશીર્વાદ આપ્યા. કન્યાને ભાવપૂર્ણ વિદાય પણ અપાઈ ને રંગેમંચે રીસેપ્શન પણ યોજાયું.

અલબત વાંચી જયામાં જેટલું સરળ આ લાગે એટલું સરળ સ્મશાનમાં લગ્ન કરવાનું ન હતું. એક અનોખા વિચારની સામાજિક સ્વીકૃતિ અને લગ્ન કરાવનારાને ગોતવા પણ અધરાહના કારણ કે લગ્ન સ્મશાનમાં હતા. પરંતુ આખરે પૂજ્ય મોરારિ બાપુની પ્રેરણાથી સંગીતની દુનિયા પરિવાર અને સીતારામ પરિવારે તથા આસપાસના લોકોએ સમગ્ર વ્યવસ્થા સંભાળી લીધી. આમ ભારતમાં કદાચ સર્વ પ્રથમવાર સ્મશાનમાં લગ્ન તલગાજરડામાં થયા. નીલેશ વાવડીયા, પ્રજ્ઞેશ ત્રિવેદી, દિનેશ જાદવ, રાજુ સોલંકી, અને અન્ય સહુએ જવાબદારી નિભાવી. આ પ્રસંગની અને પ્રસંગને પણ માણ્યો.

સ્મશાન શબ્દ સાથે જોડાયેલી રામકથા પૂજ્ય મોરારિ બાપુએ તાજેતરમાં વારાણસીમાં 'માનસ - મસાણ' (સ્મશાન) કરી હતી. એ કથા પછી બનેલી સ્મશાનમાં લગ્નની આ ઘટના સામાજિક સુધારણાની દિશામાં એક મહત્ત્વપૂર્ણ કદમ બની રહેશે. લગ્ન પ્રસંગે ઉપસ્થિત સહુ કોઈ માટે સ્મશાનમાં લગ્નનો આ અવસર સ્મરણીય બની રહ્યો હતો.

સ્મશાન શબ્દ અને એ જગ્યા આજે પણ ભય-વિષાદ અને વૈરાગ્ય સાથે જોડાયેલા છે. આ સ્થળ સાથે ડર અને તેને પ્રેરિત કરતી વાતો-કથાઓ પણ આપણે અવારનવાર સાંભળીએ છીએ. આજે પણ કેટલાય લોકો સ્મશાનની દિશામાં રાત્રે જવાનું ટાળે છે.

અલબત્ત હવે પરિવર્તન પણ આવ્યું છે.લોકો કથિત કથાઓની ભરમાતા નથી. એનજીઓ અને સુધારાવાદી પરિવારો પોતાના પરિવાર અને વિશેષ કરીને બાળકો સાથે સ્મશાનની મુલાકાત રાત્રે કરે છે - ત્યાં ભજન- કિર્તન થાય છે, વૃક્ષારોપણ થાય છે ને ડરને દુર કરવા માટેની જાગૃતિ ફેલાવાય છે. જે ઘરમાં દીકરીઓ જ માત્ર છે તેવા પરિવારની દીકરીઓ હવો અગ્નિદાહ માટે પણ સ્મશાનમાં આવતી થઈ છે.

તાજેતરમાં પૂજ્ય મોરારિ બાપુએ વારાણસીના મણિકર્ણિકા ઘાટ પર 'માનસ મસાન' માં કહ્યું હતું કે મસાણ સત્યભૂમિ, પ્રેમભૂમિ ને કરૂણાભૂમિ છે. મસાણમાં માણસને વિશ્રામ મળે છે. તેઓએ કહ્યું હતું કે મસાણ પવિત્ર શબ્દ છે અને તેનો મહિમા જાણવાથી શિવ મહિમાનું જ્ઞાન થાય છે. આ કથા સામાજિક જાગૃતિ સંદર્ભે સિમાચિહ્ન રૂપ બની રહી હતી.

પંચમહાભૂતમાંથી બનેલું શરીર જયારે શ્વાસ વિહોણું થાય ત્યારે માણસનું મૃત્યુ થાય છે અને તેના શરીરને અગ્નિદાહ અપાય... આ વિધિ જયાં થાય એ જગ્યા સ્મશાન સાથે જોડાયેલી ભયની ગ્રંથિ દૂર કરવામાં આવા પ્રસંગો આશીર્વાદરુપ બને છે. ભગવાન શિવ જયાં નિવાસ કરે છે એ સ્થળથી વળી ડરવાનું શા માટે ? આ વાતનો - લાગણીનો - વિચારનો પ્રસાર કરતી આવી ઘટનાઓ સમાજમાં પ્રેરક બની રહે છે અને આવું થાય ત્યારે સ્મશાનમાં સળગતી ચિતામાંથી પણ જાણે પ્રેરક સંદેશના અજવાળા રેલાય છે.

●●●

મસાન મેં વિશ્રામ હૈ
ઈસલિયે મસાન મહાન હૈ

- મોરારિ બાપુ

વારાણસીની 'માનસ મસાન' કથામાં